GJPM020052352026

કેસ દાખલ તા.:૦૬/૦૫/૨૦૨૬

કેસ નોંધ્યા તા. :૦૬/૦૫/૨૦૨૬

ઠરાવ જાહેર તા.:૧૪/૦૮/૨૦૨૬

અવધિ : વર્ષ માસ દિવસ

सत्यमेव जयते

**<u>પંચમહાલ જિલ્લાના મહે. એડી.જ્યુ.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં</u>**

**<u>મુકામ : ગોધરા.</u>**

ફોજદારી કેસ નં.4511/2026

આંક –

**ફરીયાદી......** શ્રી સરકાર,
(ગોધરા એ ડીવીઝન પો. સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.**60188/2026**)
વિ રૂ ધ્ધ.

**આરોપી....** રેખાબેન ભરતભાઈ સંગોડ,
ઉ.વ.: પુખ્ત,
રહે.ધોળાકુવા, પ્રાથમિક શાળાની પાછળ, ડી માર્ટ મોલ સામે,
તા. ગોધરા, જિ.પંચમહાલ

---

**ચાર્જ:–** ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની કલમ–૬૫ એ.એ. મુજબ

---

**ફરીયાદપક્ષ તરફે** વિ. એ.પી.પી.શ્રી એમ.વી.પટેલ
**બચાવપક્ષ તરફે** વિ.વકિલ શ્રી ડી.એસ.બારીઆ

---

**<u>–::ઠ રા વ::–</u>**

(૧) <u>કેસની ટુંકમાં હકીકત</u>

બનાવની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૧૭–૦૦ વાગે આ કામનાં આરોપીએ પ્રતિબંધીત એરીયામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાના રહેણાંકના મકાનમાં દેશી દારૂ લીટર–૦૫ કિંમત રૂા.૧૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, ગુનો કર્યા બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલ અને તેથી આ કામના આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની કલમ–૬૫ એ.એ.

અન્વયેનો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાની તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પોતાની તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી</u>

આ કામનાં આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તહોમતનામું ફરમાવી, પ્લી નોધવામાં આવતા, આરોપીએ પોતાની સામેનાં આક્ષેપાયેલ ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ હતો. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ મૌખિક વિનંતિ કરી ફરીયાદપક્ષના વધુ કોઈ મહત્વના સાક્ષી તપાસવાના રહેતા ના હોવાની હકીકત જાહેર કરતા રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાને વંચાણે લેતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાની હકીકતને નકારેલ છે અને જણાવેલ છે કે, ખોટો કેસ કરેલ છે દયા કરી છોડી મુકવા અરજ કરેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૧૭–૦૦ વાગે આ કામનાં આરોપીએ પ્રતિબંધીત એરીયામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાના રહેણાંકના મકાનમાં દેશી દારૂ લીટર–૦૫ કિંમત રૂા.૧૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૬ ની કલમ–૬૫ એ.એ. અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. (૨) શું હુકમ?

(૪) ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) નકારમાં,''

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

(૫) <u>મુદ્દા નં.:૧ ની ચર્ચા :</u>

(૫.૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષે ફરીયાદી દેવરાજસિંહ ગુલાબસિંહ પરમારને આંક–૦૫ ની જુબાનીમાં જણાવેલ છે કે, બાતમી વાળી જગ્યાએ રેડ કરતાં આ કામના આરોપી મળી આવેલ નહી અને તેઓના ઘરમાંથી દેશી દારૂ

જેવુ વાસ મારતુ પ્રવાહી લીટર–૦૫ કીમંત રૂા.૧૦૦૦નું મળી આવતા આરોપી વિરૂધ્ધ આંક–૦૬ વાળી ફરીયાદ તેઓએ આપી હતી અને ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં આ સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, ફરીયાદમાં બાતમીદારનું નામ જણાવેલ નથી, ફરીયાદમાં ઘર નંબર જણાવેલ નહી, બનાવવાળી જગ્યાએ ઘણા બધા મકાનો આવેલા છે.

(૫.૨) આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ શોએબ અબ્દુલમજીદ બોકડાને આંક–૦૭ થી તથા પંચસાહેદ રવિન્દ્ર પુંજાભાઈ તાવીચાડને આંક–૦૯ થી તપાસતા તેઓએ આંક–૦૮ થી રજુ મુદ્દામાલ રીકવર પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદે પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી ફરીયાદપક્ષ ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં અને ત્યારબાદ તેઓની વિસ્તૃત ઉલટતપાસ છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ,આંક–૦૮ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

(૬) આમ, સબબ કેસમાં રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવો જોતાં, આ કામે જે મુદામાલ પકડાયેલ છે તે મુદામાલ દારૂ જ હતો તે બાબતે FSLનોકોઈ રીપોર્ટ રજુ કરેલ નથી જેથી મુદામાલ દારૂ હતો તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે.વધુમાં રેડવાળી જગ્યા આ કામના આરોપીના કબજા હેઠળની હતી અથવા માલકીની હતી તે બાબતે તપાસના કામે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવી રજુ કરેલ નથી કે તે બાબતે કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી.વધુમાં તપાસના કામે કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી માત્ર પોલીસ સાહેદોના નિવેદન લીધેલા.આ કામે તટસ્થ બંન્ને પંચોએ ફરીયાદપક્ષની હકીકતને સાર્થન આપેલ નથી.આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલત, માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કેસ, સને–૨૦૧૨(૦)જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. –૨૨૭૬૯૮.

*'' જો પંચો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનામાં મુજબ રીકવર કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતું હોય તેમજ ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય.''*

ઉપરોકત ચુકાદાઓ હાલના કેસમાં બંધબેસતા લાગુ પડે છે.

(૭) આમ, જયારે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આ કામના આરોપીએ પોતાના રહેણાંકના મકાનમાં વગર પાસ પરમીટે દેશી દારૂ, વેચાણ અર્થે, પોતાના કબ્જા હેઠળ રાખી, પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫ એ.એ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે તેવા સંજોગોમાં અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૧૭–૦૦

વાગે આ કામનાં આરોપીએ પ્રતિબંધીત એરીયામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાના રહેણાંકના મકાનમાં દેશી દારૂ લીટર–૦૫ કિંમત રૂ.૧૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, આરોપીએ ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫ એ.એ. મુજબનો ગુનો કર્યાની હકીકત પડેલ પુરાવાથી પુરવાર થઈ શકતી ના હોય, મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) આ કામનાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૨૭૧(૧) હેઠળ ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ–૬૫ એ.એ. મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/ રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૪૮૧ મુજબના જામીન રજુ કરવા જે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીન ખત રદ કરવા.

(૩) મુદદામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવો.

આ હુકમ આજ તા.૧૪/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ :–ગોધરા.
તા.૧૪/૦૮/૨૦૨૬

**( જે. જે. થરાચીલ )**
એડી.જયુડી.મેજી.ફ.ક.
ગોધરા, પંચમહાલ.
**GJ01652**

ટી.આર.મુગલ